# દેવે પોતાના લોકને ગુલામીમાંથી છોડાવ્યા.

P2a1 Study ઈસ્ત્રાએલના શરૂઆતના પૂર્વજો બાબતે ઉત્પત્તિમાંથી વાંચવો.
પછી આ અભ્યાસ વાંચવો. બાળકોને શીખવનારે સ્ટડી P2b1 અને P2b1 વાંચવો

**૧. નિર્ગમન વિષે શીખવતા પહેલાં પ્રાર્થના અને દેવના વચન દ્વારા તૈયાર થાઓ.**

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, ફારૂન અને તેના લશ્કરના હાથમાંથી તારા લોકને છોડાવવા માટે મુસામાં જે હિંમત, વિશ્વાસ અને આધિનતા હતા તેવા અમને પણ આપો. તમે આજે પણ મોટા ચમત્કારો કરો છો તેવો અમે વિશ્વાસ કરીએ છીએ. તમે ચમત્કારિક કૃત્યો વડે ઘણા દેશોને તમારા રાજયમાં લાવ્યા છો. અને ઈસુના નામમાં ઘણાં જીવનોમાં સાજાપણું અને બદલાણ લાવ્યા છો તેવું આજે પણ તમે કરી શકો છો તેવો વિશ્વાસ અમે કરીએ છીએ.

**નિર્ગમનમાં શોધો** શા માટે દુષ્ટ રાજાએ બાળકોને મારી નાખવાનું ધાર્યું ? ઈસુના જન્મ વખતે તેવા જ ક્યા બનાવો બન્યા ? (માત.૨:૧૩-૧૬)

**નિર્ગ.૨:૧-૧૦** મુસાને કોણે બચાવ્યો ? ૨:૧૧-૧૫ પછી મુસા મિદ્યાન કેમ નાસી ગયો અને ત્યાં તેનું શું થયું ?

**નિર્ગ. ૨ :૧૧-૧૫** શા માટે મુસા મિદ્યાન ગયો અને ત્યાં તેને શું થયું ?

**અધ્યાય-૩** બળતા ઝાડવામાંથી દેવે તેને શું કરવાનું કહ્યું ?



**નિર્ગ-૫** મુસા અને ફારૂન વચ્ચે તડફડ અને મુસા અને તેના લોક વચ્ચ ચડભડ.



**નિર્ગ-૯-૧૧** દેવે પોતાના લોકને છોડાવવા માટે ઈજીપ્તના રાજા પર દબાણ લાવવા દસ અનર્થ મોકલ્યા અને દસમો અનર્થ સૌથી ભારે હતો.

**નિર્ગ-૧૨** દેવે ક્યું પર્વ ઠરાવ્યું અને ઈસ્ત્રાએલપુત્રોએ દરવાજાની બારસાખો પર રક્ત કેમ છાટ્યું ?

**માત્થી ૧૬:૧૭-૨૮** પ્રભુની મેજની સ્થાપના કરતી વખતે પ્રભુ ઈસુ યહુદીઓનું ક્યું પર્વ પાળતા હતા ?

**નિર્ગ-૧૪** કેવી રીતે દેવના લોક મીસરના સૈન્યના હાથમાંથી છૂટકારો પામ્યા ?

જૂનો કરારનો સૌથી મોટો ચમત્કાર લાલ સમુદ્ર આગળ પોતાના લોકને મરણમાંથી બચાવવા માટે દેવે સમુદ્રમાં રસ્તો કર્યો તે છે. પ્રભુ ઈસુ પહેલાં આશરે ૧૫૦૦ વર્ષ પહેલા આ ઘટના વખતે દેવે ઈસ્ત્રાએલ સાથે તેનો જૂનો કરાર કર્યો.



દેવના લોકોએ ઈજીપ્તમાં નાઈલ નદીનો દ્વિકલ્પ છોડ્યો, લાલ સમુદ્ર પાર કર્યો, સિનાઈ પહાડ પાસે મુકામ કર્યો અને ત્યાં દેવે તેમને પ્રાચીન નિયમ આપ્યો. કેટલાંક લોકો સિનાયને નીચેના નકશામાં ૧ જગાએ બતાવે છે પણ ભૂસ્તર શાસ્ત્રીઓના સંશોધન પ્રમાણે ૨ જગાએ માટીના વાસણો અને જૂનું ઝવેરાત મળી આવેલ છે જે બતાવે છે કે ત્યાં પ્રાચીન કાળમાં ખૂબ લોકોની છાવણી હશે.

*ઈજીપ્તથી નીકળેલા ઈસ્ત્રાએલી લોકોના માર્ગનો નકશો.*




**નિર્ગ ૧૬** માંથી શોધો કે લોકોએ કેમ કચકચ કરી અને દેવે તેમને કઈ બે વસ્તુઓ ખાવા માટે આપી ?

**નિર્ગ૧૭:૧-૧૩** માંથી શોધો કે,

- લોકોએ ફરી કેમ કચકચ કરી અને દેવે તેમને શું પૂરૂં પાડ્યું ?
- શા માટે હારૂન અને હુરે મુસાના હાથ ઊંચા પકડી રાખવા પડ્યા ?

**નિર્ગ.૧૮** માંથી મુસાએ લોકોની કઈ રીતે વ્યવસ્થા ગોઠવી તે શોધો.

૨ **તમારા સાથીદારો સાથે અઠવાડિયા દરમ્યાનની પ્રવૃત્તિઓ વિષે આયોજન કરો.**

- યિથ્રોની સલાહ પ્રમાણે સક્ષમ પાળકો શોધીને સભાઓ અને કાર્યજૂથો શરૂ કરો.
- નવા પાળકોને આ અભ્યાસ નિર્ગમનના પુસ્તક પ્રમાણે પોતાના ટોળાને શીખવવાનું કહો.
- આ આગેવાનો માંદા અને જરૂરિયાતવાળાની મુલાકાત પણ લે, સલાહ આપે અને તેમની સાથે પ્રાર્થના પણ કરે.

૩ **બીજી ભજનસેવા માટેનું આયોજન કરો.**

લોકોની જરૂરિયાતો અને રસમ પ્રમાણેની **પ્રવૃત્તિઓ** પસંદ કરો.

ભાગ-૧માં તમે અભ્યાસ કરેલાં કેટલાંક બનાવોનું નિર્દશન કરી બતાવો.

શા માટે યહુદીઓએ પોતાની બારસાખો પર લોહી લગાડયું તે સમજાવો. કઈ રીતે પાસ્ખા પર્વ પ્રભુની મેજ સાથે બંધબેસતું આવે છે તે **સમજાવો.**

દુષ્ટ રાજા ફારૂન તે બાઈબલના શેતાનનું ચિત્ર છે તે **સમજાવો.**

- શેતાનની જેમ ફારૂન પાસે મોટી સત્તા હતી અને તે લોકોને ગુલામીમાં રાખતો હતો.
- જે પ્રમાણે દેવે ફારૂન અને તેના સૈન્યના હાથમાંથી ઈસ્ત્રાએલપુત્રોને છોડાવ્યા તેમ પ્રભુ ઈસુ લોકોને શેતાન અને તેના અશુધ્ધ આત્માઓના લશ્કરોથી છોડાવે છે.
- જેઓને પાપ અને અશુધ્ધ આત્માઓથી છૂટકારાની જરૂર છે તેઓ માટે ઈસુને પ્રાર્થના કરો.
- બાળકોએ તૈયારી કરી હોય તે સભાજનોને બતાવવા દો.
- પ્રભુની મેજની સેવા માટે નિર્ગ-૧૨ઃ૩ વાંચીને સમજાવો.
- ઈસ્ત્રાએલીઓ પાસ્ખાનું હલવાન કાપીને ખાતા હતા.
- મરણનો દૂત ઈજીપ્ત ઉપર પસાર થઈને પ્રથમજનિતોનો સંહાર કરતો હતો પણ જે ઘર પર હલવાનનું લોહી બારણાની બારસાખ પર હતું તે ઘરના પ્રથમજનિતને ટાળી દેતો હતો.



- પ્રભુ ઈસુ દેવનુ હલવાન છે તે જગતનું પાપ હરણ કરે છે.
- પ્રભુ ઈસુ આવ્યા અને મરણ પામ્યા તેથી આપણે માટે પાસ્ખાનું પર્વ તે પ્રભુની મેજ છે.



પ્રભુની મેજમાં ભાગ લેવા દ્વારા કેવી રીતે ઈસુનું મરણ યાદ કરવામાં અને સ્તુતિ કરવામાં સહાય મળી છે તેની **સાક્ષી વિશ્વાસીઓને** આપવાની તક આપો.

બે કે ત્રણના **જૂથમાં** એકબીજા માટે પ્રાર્થના કરવા અને બીજાઓની મુલાકાત લઈને શેતાનની ગુલામીમાંથી તેઓ છૂટે માટે લોકોને પ્રોત્સાહન આપો.

પુરૂષો નિર્ગ ૧૫:૧૮-૨૯ અને સ્ત્રીઓ કલમ ૨૦-૨૧ **મુખપાઠ કરે.**

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net